ગાંધીનગર સમાચાર

ગાંધી જયંતિએ નર્સિંગ કોલેજમાં સફાઈ કર્મીઓનું સન્માન કરાયું

## @ગાંધીનગર

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૨૨, સ્વસ્તિક કોમ્પ્લેક્ષના બીજા માળે કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે.

## જે.બી. શાળામાં સ્વચ્છતાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૫

જે.બી. પ્રાથમિક શાળામાં ગાંધી જયંતિ નિમિત્તે, 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત શાળાના મેદાન, વર્ગખંડો, સીડીઓ, લોબી વગેરે જગ્યાએ ધોરણ-૭ અને ૮ના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ખૂબ જ ઉત્સાહથી કોઈ પણ જાતના સ્વાર્થ વગર પોતાની જવાબદારી સમજી સફાઈ કાર્ય કર્યુ હતું. સફાઈ કાર્યની સાથે સાથે ગાંધી જીવનના મૂલ્યોને જીવનમાં ઉતારી સ્વચ્છતાના આગ્રહી બનવાની પ્રતિજ્ઞા લીધી હતી. શાળાના આચાર્યા નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને સ્વચ્છતા અભિયાન હાથ ધરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## અરિહંત ફાર્મસી કોલેજ દ્વારા ૭મીએ રક્તદાન શિબિર

ગાંધીનગર, તા. ૫

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ ઉવારસદ દ્વારા રક્તદાન શિબિર, થેલેસેમીયા ટેસ્ટીંગ અને થેલેસેમીયા જાગૃતિ અંગેનો કાર્યક્રમ આગામી તા. ૭મી ઓક્ટોબરના રોજ સવારે ૧૧ વાગે યોજવામાં આવ્યો છે. આ રક્તદાન શિબિરમાં જોડાવવા માટે સંસ્થા દ્વારા સ્વૈચ્છિક રક્તદાતાઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.





નવરાત્રી એટલે નાના ભૂલકાંઓથી માંડીને યુવાનો વડીલો સૌ કોઈનો મનગમતો તહેવાર. આ તહેવારમાં ભક્તિ સાથે શક્તિ, કળા અને સર્જનાત્મકતાનો અનોખો સંયોગ જોવા મળે છે. યુવાનો માટે આ નૃત્યકળાનો તો વડીલો માટે ભક્તિ-આરાધનાનો તહેવાર છે. જ્યારે ભૂલકાઓ માટે તો આ તહેવાર રમત રમતા રમતાં સર્જનાત્મકતા વિકસાવવાનો અને સાથે સાથે ભારતીય સંસ્કૃતિના સંસ્કાર શીખવાનો અનેરો મોકો છે. આથી જ નવરાત્રીમાં મોટેરાઓના ગરબા આયોજનો સાથે બાળકો પણ પોતાની શક્તિ અને કલ્પના કામે લગાડી 'ગબ્બર' બનાવી સમાંતર નવરાત્રી ઉત્સવ ઉજવે છે. ગબ્બર બનાવવામાં બાળકો માત્ર માટી-ઈંટો-પથ્થરો સાથે થોડા ઘણા રમકડાંનો ઉપયોગ કરી એવા એવા દૃશ્યો તૈયાર કરે છે જેને જોઈ મોટેરાંઓ પણ અચંબિત થઈ જાય છે.

## અક્ષરધામ ખાતે 'નિષ્કુળાનંદ કાવ્ય-૨ : પુરુષોત્તમપ્રકાશ-પરિચય' વિષયે પ્રવચન યોજાશે

### શનિવાર સાંજે ૪.૩૦ થી ૭ કલાકે હરિમંદિર સભાગૃહ સે-૨૦ ખાતે વકતવ્ય

ગાંધીનગર, તા.૫

સ્વામિનારાયણ ભગવાને ગુજરાત માટે શું કાર્ય કર્યું? આ પ્રશ્નનો ઉત્તર જણાવતા કવિવર ન્હાનાલાલ જણાવે છે કે 'શ્રીજી મહારાજે ગુજરાતને સરયૂનીરથી ધોઈને બ્રહ્મભીનો કીધો.'

અર્થાત સમાજમાં મુખશુદ્ધિથી આરંભીને આત્મશુદ્ધિના દરેક પાસાઓને તેમણે ઉજાગર કર્યા. ઉત્સવો, પૂર્તકર્મ, મંદિરો, સંતોનું વિચરણ વગેરે અનેક સાધનોથી તેમણે જીવોનાં કલ્યાણ કર્યા.

પુરુષોત્તમ નારાયણે સ્વયં પૃથ્વી પર પધારીને પ્રસરાવેલ આ પ્રકાશને તેમનાં સમકાલીન પરમહંસોએ ગ્રંથસ્થ કર્યો. તે ગ્રંથો પૈકી એક અનોખો ગ્રંથ એટલે નિષ્કુળાનંદ સ્વામી વિરચિત 'પુરુષોત્તમ પ્રકાશ'.

સ્વામિનારાયણ ભગવાનના અનોખા કાર્ય પર પ્રકાશ પાથરતાં આ ગ્રંથના મર્મને જાણવો તે અનોખો લ્હાવો છે તે માટે ગ્રંથના મર્મજ્ઞ, યજ્ઞપુરુષ સંસ્કૃત વિદ્યાલય સારંગપુર ખાતે વરિષ્ઠ પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપતા, વિદ્વાન સંત પૂ. શ્રી નારાયણમુનિદાસ સ્વામી 'શ્રી નિષ્કુળાનંદ કાવ્ય-૨ : પુરુષોત્તમ પ્રકાશ-પરિચય' વિષય ઉપર તા. ૮ ઓકટોબરને શનિવાર સાંજે ૪.૩૦ થી ૭ કલાકે અક્ષરધામ હરિમંદિર સભાગૃહ સે-૨૦ ખાતે વકતવ્ય આપનાર છે. આ પ્રવચનનો લાભ લેવા ગાંધીનગરના સુજ્ઞ નાગરિકોને હાજર રહેવા જણાવાયું છે.

## આજે આંબેડકરવાદી કેશવલાલ બાઈક લઈ દિક્ષા ભૂમિ જશે

ગાંધીનગર, તા.૪

પ્રખર આંબેડકરવાદી તથા બૌધિષ્ઠ એવા શ્રી કેશવલાલ મકવાણા નિયમિત પણે અશોક વિજયા દશમીના દિવસે નાગપુર, દિક્ષા ભૂમિ ખાતે દર્શને જાય છે. તેઓએ ૧૯૮૬, ૧૯૯૬ તથા ૨૦૦૬ની સાલમાં સાયકલ યાત્રા કરી હતી અને ચાલુ સાલે તા. ૫ ઓકટોબરને બુધવારના દિવસે સવારે ૮-૦૦ કલાકે ગાંધીનગર વિધાનસભાથી બાઈક લઈ નાગપુર દીક્ષા ભૂમિ ખાતે જવા પ્રયાણ કરશે.

## આર.સી. પટેલ શાળામાં ગાંધી જયંતિની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૫

શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે ત્રિદિવસીય કાર્યક્રમની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર સંજય ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ચોમાસા પછી કેમ્પસમાં ઉગી નીકળેલા બિનજરૂરી ઘાસને કાપી બાગ બગીચાની મરમ્મત કરી હતી તેમજ શાળાના પટાંગણને વાળીને સ્વચ્છ પણ બનાવ્યું હતું.

આ ઉપરાંત ઘર, કુટુંબ, શાળા અને દેશને સ્વચ્છ બનાવવાના તથા વ્યકિતગત સ્વચ્છતાથી માંડીને સામૂહિક સ્વચ્છતાની ટેવ વિકસાવવાના સોગંદ લેવામાં આવ્યા હતા. ત્યારબાદ ગાંધીજીના જીવન વિષયક પ્રેરક પ્રસંગો દરેક વિદ્યાર્થીઓએ રજૂ કર્યા હતા. બાપુના જન્મદિવસની અનોખી ઉજવણીના ભાગરૂપે મોબાઈલ પર મેસેજ મોકલવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે આચાર્ય વિનોદભાઈએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

## વાતવાતમાં

● ચોથા નોરતે વરસાદે વિરામ લેતા જ ગરબા આયોજકો તથા ખેલૈયાઓમાં હર્ષની લાગણી છવાઈ જવા પામી હતી. આ નોરતે મન ભરીને ગરબે ઘુમી લેવા શહેરના તમામ ગરબા મહોત્સવોમાં ભારે ભીડ ઉમટી પડી હતી.

● શહેરના સેકટરોના પરંપરાગત શેરી ગરબાઓમાં આજે પણ આરતી ઉતારવા માટે ચઢાવો બોલવાની પ્રથા અમલમાં છે. ચોથા નોરતે સે-૧૭ના શેરી ગરબામાં આરતીનો ચઢાવો છેક રૂપિયા પાંચ હજાર સુધી પહોંચ્યો હતો.

● વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે શહેરમાં અક્ષરધામ મંદિર નજીક આવેલા વન સંશોધન કેન્દ્ર ખાતે પ્રકૃતિ કવિતા પ્રસ્તુતિનું કવિ સંમેલન યોજવામાં આવ્યું હતું. આ કવિ સંમેલનમાં વન અને આદિજાતિ વિકાસ વિભાગના રાજયકક્ષાના મંત્રી શબદશરણ તડવી, વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલ, અગ્ર મુખ્ય વન સંરક્ષકો ડો. દિનેશ મિશ્ર અને ડો. દિનેશકુમાર શર્મા ઉપરાંત રાજયના લબ્ધ પ્રતિષ્ઠિત કવિઓ ઉપસ્થિત રહ્યા હતા.

● ગુજરાત રાજયમાં પોલીસ ખાતામાં ફરજ બજાવતા વર્ગ-૩ના કોન્સ્ટેબ્યુલરી સ્ટાફને જાહેર રજાના દિવસે ફરજ બજાવવા માટે સાતમા પગાર પંચ મુજબ પગાર ચુકવવા દરખાસ્ત કરાઈ છે. અત્યારે નાણા ખાતાના તા. ૧૬મી ઓગષ્ટ ૨૦૧૬ના ઠરાવના મુદ્દા નં. ૭ અનુસાર અન્ય હુકમો ના થાય ત્યાં સુધી મોંઘવારી ભથ્થાં સિવાયના તમામ ભથ્થાં છઠ્ઠા પગારપંચ મુજબ કરવાનું ઠરાવાયેલું છે.

# વોર્ડ નં. ૮માં નવા પોસ્ટબોક્ષ મૂકવા માંગ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેકટર નં. ૧, ૨, ૩, ૩ ન્યુ તથા ૪ અને ઈન્ફોસીટી વિસ્તારમાં પોસ્ટઓફિસ સત્તાવાળાઓ દ્વારા નવા પોસ્ટબોક્ષ મુકાય તેવી માંગ ઉઠવા પામી છે. આ સંદર્ભે વોર્ડ નં. ૮ના મ્યુનિસિપલ કાઉન્સિલર પાયલબેન મેણાત દ્વારા સેકટર-૧૧ની મુખ્ય પોસ્ટઓફિસે પોસ્ટ સુપ્રિન્ટેન્ડન્ટને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

આજના યુગમાં ભલે ઈલેકટ્રોનિકસ માધ્યમોનો વિકાસ થયો હોય પરંતુ પોસ્ટનું પણ હજુ મહત્વ જળવાઈ રહ્યું છે. અગત્યના દસ્તાવેજો કે પત્ર વ્યવહાર હજુ પણ પોસ્ટ દ્વારા કરાય છે. વળી, દિવાળી જેવા તહેવારોમાં હજુ પણ કેટલાક નાગરિકો તથા ખાનગી કે સરકારી કાર્યાલયો, કોર્પોરેટ ઓફિસો દ્વારા શુભેચ્છા કાર્ડ મોકલવા પોસ્ટનો ઉપયોગ કરાય છે. સામે પક્ષે નગરજનો દ્વારા પણ પોતાના પત્રવ્યવહાર, ફરીયાદો, રજુઆતો તેમજ શુભેચ્છા પત્રો માટે પોસ્ટનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરાય છે. જો કે આટલી મહત્વની બાબત હોવા છતાં પોસ્ટ ખાતા દ્વારા પોસ્ટબોક્ષની જાળવણી પ્રત્યે બેદરકારી દાખવવામાં આવે છે. ગાંધીનગરના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ વિસ્તારમાં પણ પોસ્ટબોક્ષની અછત હોવાથી રહીશોમાં નવા પોસ્ટબોક્ષ મુકવા માંગ વધતી જાય છે. આ માંગને કોર્પોરેટર પાયલબેન મેણાતે પોસ્ટ સુપ્રિન્ટેન્ડન્ટને પત્ર લખી વ્યકત કરી છે.

કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા રજૂ કરાયેલ માંગમાં સેકટર-૧માં શોપીંગ સેન્ટર, સે-૨માં અર્બન હેલ્થ સેન્ટર અથવા સરકારી શાળા પાસે, સે-૩-ન્યુમાં સરકારી દવાખાના પાસે, સે-૪માં શોપિંગ સેન્ટર અથવા ઓમકારેશ્વર મંદિર પાસે અને ઈન્ફોસીટી વિસ્તારમાં જરૂરિયાત મુજબના સ્થળે પોસ્ટ બોક્ષ મુકવા માંગ વ્યકત કરવામાં આવી છે.

## અખિલ ભારતીય સ્વાસ્થ્ય સંઘ દ્વારા ગરબા યોજાયા

ગાંધીનગર, તા. ૫

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા ફરતા ગરબાનું આયોજન બલરામ ભવન, સે. ૧૨ ખાતે કરવામાં આવ્યું હતું. નગરની બહેનો આ ગરબા મહોત્સવમાં મોટી સંખ્યામાં જોડાઈ હતી.



આ પ્રસંગે બહેનો માટે ડ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરની તમામ મહિલા સંસ્થાના પ્રમુખ તેમજ મહિલા અગ્રણીઓ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હિનાબેન પટેલ, ડૉ. નીતાબહેન શેખાત, રેખાબહેન પટેલ, મમતાબહેન રાવલ, વીણાબહેન વોરા, પ્રજ્ઞાબહેન જોષી ઉપસ્થિત રહ્યા હતા. મહિલા કોર્પોરેટર બહેનો પ્રવીણાબહેન વોરા, નીલાબહેન શુકલ, હીરલબહેન જોષી, પીન્કીબહેન, પ્રીતીબહેન, રીટાબહેન, હર્ષાબા ધાધલ તેમજ બરખાબહેન ઝાએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. ડ્રોમાં ઈનામ પ્રાપ્ત કરનાર બહેનોમાં ઈન્દુબહેન દવે, હંસાબહેન બામટા, રેખાબહેન ખાચર, કોકીલાબહેન મોથલીયા, સવિતાબહેન પટેલ, ભીખીબહેન પટેલ, હંસાબહેન-વાસંતી બહેન પટેલ, રમાબહેન પંચાલ, આશાબહેન દોશી, અંજના ગોર, સોનલબહેન પંડ્યા, જ્ઞાનદેવીબહેન ઉપાધ્યાય, ગીતાબહેન મઝમુદાર, કીન્નરીબહેન ધાધલ તેમજ સંસ્થાનું બમ્પર ઈનામ ભારતીબહેન પોપટે પ્રાપ્ત કર્યુ હતુ. ઉપરાંત ઉત્સવી બહેન ગજ્જર તરફથી સાડી વિજેતા શીલ્પા ઠાકર તેમજ વૈશાલી સાડી સેન્ટર તરફથી સાડીના વિજેતા પુષ્પાબહેન ગોર, શ્રદ્ધા જ્વેલર્સ સેટના વિજેતા વર્ષાબહેન પરીખ તેમજ મીલી જ્વેલર્સ મેગા બમ્પર ૧૫૦૦ રૂ.ના ગીફ્ટ વાઉચરના વિજેતા હર્ષાબા દાધલ રહ્યા હતા.

સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબહેન દવેએ સ્વાગત પ્રવચન સાથે સંસ્થાનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા કમીટીની તમામ બહેનો તેમજ સંસ્થાના સ્ટાફે જહેમત ઉઠાવી હતી. તેમજ સફળ સંચાલન તેમજ આભારવિધિ લીનાબહેન મહેતાએ કરી હતી.

## ગાંધી જયંતિએ નર્સિંગ કોલેજમાં સફાઈ કર્મીઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૪૭મી જન્મજયંતિની શહેરની શૈક્ષણિક સંસ્થાઓમાં સ્વચ્છતા અભિયાન થકી કરવામાં આવી હતી. જો કે સેકટર-૧૨માં નર્સિંગ કોલેજમાં ગાંધી જયંતિની ઉજવણી કંઈક અલગ જ રીતે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના તમામ સફાઈ કર્મચારીઓનું સન્માન કરી તેમને માનભેર સ્મૃતિ ચિહ્નો અર્પણ કરાયા હતા. સમગ્ર કાર્યક્રમ કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વ લીડરશીપ પ્રોગ્રામ હેઠળ કરવામાં આવ્યું હતું.




રાષ્ટ્રપિતા ગાંધી બાપુએ જીવનમાં સ્વચ્છતા અપનાવવાનો સંદેશ આપ્યો હતો અને તે સાથે તેમણે સફાઈ કર્મીઓને સમાજમાં માનભર્યું સ્થાન મળે તે માટે ખૂબ પ્રયત્નો કર્યા હતા. ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વ લીડરશીપ પ્રોગ્રામ-૨૦૧૬ અંતર્ગત ગાંધી જયંતિ નિમિત્તે 'સફાઈ કામદારનું મૂલ્ય' કાર્યક્રમ કોલેજના સેમિનાર હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજ કેમ્પસના તમામ સફાઈ કર્મચારીઓને માનભેર મંચ પર બેસાડીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ તેમને સ્મૃતિભેટ અર્પણ કરાઈ હતી. કાર્યક્રમના પ્રારંભે કોલેજના પ્રા. મિત્તીલ પ્રજાપતિ ત્યારબાદ કેમ્પસ ડાયરેકટર ડૉ. આર.જે. વ્યાસે પ્રારંભિક ઉદબોધન કર્યા હતા જેમાં જીવનમાં સ્વચ્છતાની અગત્યતા સાથે સફાઈ કર્મીઓના મૂલ્યને સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજની બીએસસીની વિદ્યાર્થીની ક્રિશ્ના ખારા તથા વિદ્યાર્થી વિકાસ પટેલે પણ આ વિષયે પ્રેરક માહિતી આપતા વકતવ્યો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં નર્સિંગ કોલેજના પ્રાધ્યાપક સોયેલ ખોખર, પ્રા. અંકિતાબેન સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીની નમ્રતા તથા ભૂમિ પંચાલે કર્યુ હતુ. કાર્યક્રમના સમાપન પ્રસંગે કોલેજના આસીસ્ટન્ટ લાયબ્રેરિયન અંજના બારોટ દ્વારા આભારવિધિ વ્યકત કરાઈ હતી.

### વરિષ્ઠ ધાર્મિક સાહિત્ય લેખક શિવશંકર દવેએ નવી પ્રથા અપનાવતા

## સેન્ટ ઝેવિયર્સના વિદ્યાર્થીઓને ડિક્ષનરી ભેટ આપી અનોખો જન્મદિવસ ઉજવ્યો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના વરિષ્ઠ ધાર્મિક સાહિત્ય લેખક અને નિવૃત્ત નાયબ નિયામક શિવશંકર દવેએ એમનો ૮૦મો જન્મ દિવસ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના ૮૦ બળકોને ડિક્ષનરી ભેટ આપીને નવી પ્રથા અપનાવી.





આ પ્રસંગે ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ એમની ચારણી અદામાં વિદ્યાર્થીઓને કવિતાના શેર સંભળાવ્યા હતા. શિવશંકર દવેએ ગુજરાતી ભાષાના મહત્વ સાથે અંગ્રેજી જ્ઞાન પણ વધે એવો હેતુ સિધ્ધ કરવા ડિક્ષનરી ભેટ આપી છે એમ જણાવ્યું હતું. સેન્ટ ઝેવિયર્સના પ્રિન્સીપાલ ફાધર હેકટરે વિદ્યાર્થીઓને ચોકલેટ-કેકની જગ્યાએ ડિક્ષનરી મેળવી કાયમી મદદરૂપ એવો મિત્ર મળ્યો છે એમ જણાવ્યું હતું.

ગાંધીનગરના યુવા કટાર લેખક અને સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતે વિદ્યાર્થીઓને માખીની વાર્તા કહીને ગુજરાતીમાં ૯૦થી વધુ માર્ક મેળવી શકાય અને એક જ વર્ષમાં માત્ર રોજના પાંચ સ્પેલિંગ મોઢે કરી કડકડાટ અંગ્રેજી બોલી શકાય એવી ટીપ્સ આપી હતી.

'સદ્વાંચન' પ્રવૃત્તિ દ્વારા વર્ષે ત્રણ સ્કૂલને ડિક્ષનરી ભેટ અપાય છે એવી વાત સાથે કાર્યક્રમનું સંચાલન વિપીન ઓઝાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સમાચારના કટાર લેખક રામકૃષ્ણ પંડિત અને સાથમાં ભાનુ દવે અને સુધાલકર હાજર રહ્યા હતાં. સ્ટફના શિક્ષકો કિરણ સર, સાજી સર અને લીના મેહતાએ સુંદર આયોજન કર્યું હતું. આભાર વિધી ગુજરાતીના શિક્ષક અનીતા ખન્નાએ કરી હતી. જન્મ દિવસની વિદ્યાર્થીઓ વચ્ચે ઉજવણી અને ડિક્ષનરીની ભેટ સાથે વિદ્યાર્થીઓ રાજી થયા હતા. આવી વિશિષ્ટ પ્રણાલી સૌએ અપનાવવા જેવી ખરી.

# આજે પાંચમા સ્વરૂપ સ્કંદમાતાનું પૂજન

### નવરાત્રી રૂમઝુમ કરતી તેના મધ્યે પહોંચી, મેઘરાજાની ખલેલ છતાં ચો-તરફ પૂજા-અર્ચના અને ગરબાની ધૂમ

ગાંધીનગર, તા.૫

જગત જનની જગદંબાનું અનમોલ પર્વ ઝડપથી પૂર્ણતા તરફ વધી રહ્યું છે. મેઘરાજાની મુલાકાતો વચ્ચે પણ શક્તિ, ભક્તિ અને ઉત્સાહનું વાતાવરણ જળવાઈ રહ્યું છે. મા જગદંબાના સ્વરૂપોના પૂજન અર્ચનમાં આજે પાંચમા સ્વરૂપ એવા સ્કંદમાતાનું પૂજન કરાશે. રૂમઝુમ કરતી નવરાત્રી હવે મધ્યે પહોંચી છે ત્યારે હોમ હવન અને નૈવેધની પણ તૈયારીઓ આરંભાઈ ચુકી છે. વર્ષમાં એકવાર માતાજીની ઉપાસના કરવાની મળેલી હાલની તકમાં કચાશ રહી ન જાય તેની સાધકો કાળજી લઈ રહ્યા છે.

આદ્યશકિતના જપ-તપ, વ્રત-ઉપાસના અને અનુષ્ઠાન આ પર્વમાં તેની મધ્યે પહોંચી ગયા છે. દુર્ગાદેવીના નવસ્વરૂપો પૈકી આજે પાંચમા સ્વરૂપ સ્કંદ માતાનું પૂજન-અર્ચન કરવામાં આવશે. શકિત સ્વરૂપનું આ મમતા મયીરૂપ છે. માતાજીના ખોળામાં સ્કન્દ એટલે કાર્તિકેય સ્વામીને લઈને બિરાજમાન આ રૂપ જીવનમાં સુખ, શાંતિ, સ્નેહ, ઈચ્છાપૂર્તિ અને સંવેદનાનું પ્રતિક છે. માતાજીના આ રૂપનો વર્ણ પૂર્ણરૂપે શુભ્ર છે. ભગવાન સ્કંદ પ્રસિધ્ધ દેવાસુર સંગ્રામમાં દેવતાઓના સેનાપતિ બન્યા હતા. જેથી ભગવાન સ્કંદની માતા હોવાના કારણે દુર્ગાના આ રૂપને સ્કંદમાતા તરીકે પૂજવામાં આવે છે. સ્કંદમાતાના પૂજનથી સાધકના



તમામ મનોરથો પુર્ણ થાય છે. આ દિવસે સાધકનું મન 'વિશુધ્ધ' ચક્રમાં અવસ્થિત હોય છે અને તેથી જ આ સ્વરૂપના પૂજનથી શાંતિ અને સુખનો અનુભવ થાય છે. તેમજ માતાજીની ઉપાસનાથી બાલરૂપ સ્કંદ ભગવાનની પણ આપોઆપ ઉપાસના થઈ જતી હોય છે. સુર્યમંડળની અધિષ્ઠાત્રી દેવી હોવાથી આ સ્વરૂપની પૂજા કરતા ભકતો અલૌકિક તેજ અને કાંતિથી સંપન્ન બને છે. ચાર ભૂજાધારી સ્કંદ માતા કમળના આસન ઉપર પદ્માસનની મુદ્રામાં બિરાજમાન રહે છે. જેથી વિદ્યાવાહીની તરીકે પણ પૂજાય છે. સિંહ અને મયુર માતાજીનું વાહન છે.

જીવનમાં સુખ-શાંતિ અને ઈચ્છાપૂર્તિ માટે આદ્યશકિતના આ પાંચમા સ્વરૂપના પૂજનનું અતિ મહત્વ વર્ણવાયુ છે. વધુમાં સાધક જીવનના ત્રિવિધ તાપમાંથી મુકત બને છે. નવલી નવરાત્રીમાં માતાજીના તમામ સ્વરૂપોના પૂજન કરવાથી સાધક દેવી શકિતનો કારક બને છે.

## ચિરવિદાય

- સ્વ. વાઘરી કનુભાઈ બચુભાઈ, ઉ.વ. ૩૮
- સ્વ. ઠાકોર ઉદાજી રામાજી, ઉ.વ. ૪૮
- સ્વ. ઠાકોર કવિબેન મુઠાજી, ઉ.વ. ૭૦
- સ્વ. જાદવ ધૂળીબેન લક્ષ્મણદાસ, ઉ.વ. ૯૫